પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૮૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૭-૦૭-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવશે

# સૌરાષ્ટ્રને અનેક ભેટ આપશે, ગાંધીનગરમાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ(ગુરૂવાર)થી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. બે દિવસ દરમિયાન તેઓ અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. તો અનેક કાર્યક્રમ લોકાર્પણ અને ઉદ્‌ઘાટન સહિતના કામ કરવાના છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ જુલાઈએ હિરાસર એરપોર્ટનું લોકાર્પણ કરવાના છે. તો સૌરાષ્ટ્રને ૨ પ્રોજેક્ટની ભેટ પણ આપવાના છે. સાથે જ વડાપ્રધાન મોદી ગાંધીનગરમાં 'સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩' કાર્યક્રમનું કરશે ઉદ્ઘાટન કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ જુલાઈએ રાજકોટમાં હિરાસર એરપોર્ટનું લોકાર્પણ કરવાના છે. લોકાર્પણ બાદ તેઓ જાહેરસભાને સંબોધવાના છે. તો સંબોધન બાદ તેઓ ગાંધીનગર જવા રવાના થશે. સર્કિટ હાઉસમાં તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત પ્રધાનમંડળ સાથે ડિનર કરવાના છે. પ્રદેશ પ્રમુખ સહિત પક્ષના હોદ્દેદારો આ સમયે હાજર રહેવાના છે. નવી સરકાર બાદ રાજ્યના પ્રધાનો સાથે તેઓ પ્રથમ બેઠક કરવાના છે. PM મોદી ૨૮ જુલાઈએ ત્રિદિવસીય દિવસીય સેમિકોન સમિટનું ઉદ્‌ઘાટન કરશે. મહાત્મા મંદિર ખાતે 'સેમિકોન ઈન્ડિયા' સમિટ યોજાવાની છે.

વડાપ્રધાનના હસ્તે સૌરાષ્ટ્રને સૌની યોજનાના ૨ પ્રોજેક્ટની ભેટ મળશે. જેના થકી ૯૫ ગામોની ૫૨,૩૯૮ એકર જમીનને સિંચાઈનો લાભ મળશે. ૯૮ હજાર લોકોને પીવા માટે નર્મદાના નીર ઉપલબ્ધ થશે. અત્યાર સુધીમાં સૌની યોજનાનું ૯૫ ટકા કામ પૂર્ણ થયુ છે. ૧૧૫ જળાશયોમાંથી ૯૫ જળાશયો યોજના સાથે જોડાયા છે. આશરે ૬.૫૦ લાખ એકર વિસ્તારમાં સિંચાઈનો લાભ ખેડૂતોને મળવાનો છે. લગભગ ૮૦ લાખની વસ્તીને નર્મદાનું પાણી મળી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ જુલાઈએ 'સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩' કાર્યક્રમનું ગાંધીનગરમાં ઉદ્ઘાટન કરશે. ગાંધીનગરમાં સેમિકન્ટક્ટર્સની અત્યાધુનિક ટેક્નોલોજી અંગે પ્રદર્શન યોજાવાનું છે. ગુજરાતના આંગણે દિગ્ગજ કંપનીઓ આવવાની છે. કેન્દ્રીય પ્રધાનો પણ આ કાર્યક્રમમાં હાજરી આપવાના છે.

# સરકારે ૮માં પગાર પંચની રચના માટેના કોઈપણ પ્રસ્તાવ પર વિચાર કરવાનો ઈક્નાર કર્યો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાનો દર જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ૫૦ ટકા અથવા તેનાથી પણ વધુ વધવાની ધારણા છે. ડીએનો દર હાલમાં ૭મા પગાર પંચની ભલામણના આધારે નક્કી કરવામાં આવે છે. છેલ્લા પગાર પંચે એ પણ ભલામણ કરી હતી કે ફુગાવાની અસરને નિષ્ક્રિય કરવા માટે, જ્યારે ડીએ ડીઆર મૂળભૂત પગારના ૫૦% અથવા વધુ સુધી પહોંચે ત્યારે ભાવિ પગારમાં સુધારો કરવો જોઈએ. આ જોતાં એ પ્રશ્ન અનિવાર્ય બની જાય છે કે શું સરકાર ૮મું પગાર પંચ સ્થાપવાનું વિચારી રહી છે?

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, હાલમાં આઠમા પગાર પંચની રચના માટે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યું, "આવો કોઈ પ્રસ્તાવ સરકારની વિચારણા હેઠળ નથી." ચૌધરી એક સભ્યના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા, "જાન્યુઆરી ૨૦૨૪ થી ડીએ/ડીઆરના દર ૫૦ ટકા કે તેથી વધુ થવાની ધારણા સાથે, શું કેન્દ્ર સરકારે આઠમા કેન્દ્રીય પગાર પંચની સ્થાપના કરવાની દરખાસ્ત કરી છે?"

ભૂતકાળમાં પણ, સરકારે ૮મા પગાર પંચની રચનાના કોઈપણ પ્રસ્તાવ પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ફુગાવાના કારણે તેમના પગાર અને પેન્શનના વાસ્તવિક મૂલ્યમાં થયેલા ઘટાડા માટે વળતર આપવા માટે ચૂકવવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૩માં આ દરો વધારીને પગાર અને પેન્શનના ૪૨% કરવામાં આવ્યા હતા. ઔદ્યોગિક કામદારો માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના આધારે દર છ મહિને ડીએ/ડીઆરના દરો સમયાંતરે સુધારવામાં આવે છે.

પૂછવામાં આવ્યું કે શું સરકારે સાતમા સેન્ટ્રલ પે કમિશનના રિપોર્ટમાં સમાવિષ્ટ પેરા ૧.૨૨ ને ધ્યાનમાં લીધા નથી, જેમાં ભલામણ કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર મેટ્રિક્સની સમય સમય પર સમીક્ષા કરવામાં આવે, ચૌધરીએ કહ્યું, "સરકારે સાતમા કેન્દ્રીય પગાર પંચના આધારે પગાર અને ભથ્થાંના સુધારાની મંજૂરી મુજબ આ મુદ્દાને ધ્યાનમાં લીધો નથી." વધુમાં, ૮મા પગાર પંચના પ્રશ્ન પર, મંત્રીએ કહ્યું, "હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના માટે સરકારની વિચારણા હેઠળ કોઈ દરખાસ્ત નથી."

## મણિપુર મુદ્દે સરકાર સામે વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ મંજૂર

# જો દરખાસ્ત સંસદમાં પસાર થાય છે, તો કેન્દ્ર સરકારને રાજીનામું આપવું પડશે

નવીદિલ્હી,

કોંગ્રેસ અને ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)એ બુધવારે મણિપુર મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સામે લોકસભામાં નો-કોન્ફિડન્સ મોશનની દરખાસ્ત માગતી નોટિસ સબમિટ કરી હતી. સરકાર સામેની અવિશ્વાસની દરખાસ્ત સ્વીકારવામાં આવી હતી. સ્પીકર હવે ટૂંક સમયમાં ચર્ચાની તારીખ જાહેર કરશે.




ભારત રાષ્ટ્ર સમિતિ ફ્લોર લીડર નાગેશ્વર રાવ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવ માટે એક અલગ નોટિસ સ્પીકરને સબમિટ કરવામાં આવી હતી. બીઆરએસનું નેતૃત્વ તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ કરી રહ્યા છે. અવિશ્વાસની દરખાસ્ત વિપક્ષને ગૃહના ફ્લોર પર સરકારની બહુમતીને પડકારવાની મંજૂરી આપે છે, અને જો દરખાસ્ત પસાર થાય છે, તો સરકારે રાજીનામું આપવું પડશે.

સંસદીય પ્રણાલીમાં નિયમ ૧૯૮ અંતર્ગત આ વ્યવસ્થા આપવામાં આવી છે કે કોઈ પણ સાંસદ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ લોકસભા અધ્યક્ષને આપી શકે છે. આવી જ વ્યવસ્થા રાજ્યોમાં વિધાનસભામાં આપવામાં આવી છે. કેન્દ્ર કે રાજ્ય સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થવાનો અર્થ છે કે હવે મંત્રી પરિષદે ગૃહમાં પોતાનો વિશ્વાસ ગુમાવી દીધો છે. ગૃહમાં બહુમતી તેમના પક્ષમાં નથી. આવી સ્થિતિમાં સરકાર પડી શકે છે. વડાપ્રધાન કે મુખ્યમંત્રીએ પોતાની સમગ્ર કેબિનેટ સાથે રાજીનામું આપવું પડે છે.

સંસદીય કાર્યવાહીમાં એવી વ્યવસ્થા છે કે કોઈ પણ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે ૫૦ સાંસદોના હસ્તાક્ષરવાળી કોપી લોકસભા અધ્યક્ષને આપવામાં આવે છે. સાંસદોના હસ્તાક્ષરથી યુક્ત અવિશ્વાસ પ્રસ્તાવ સવારે ૧૦ વાગ્યા સુધીમાં સ્પીકરની પાસે પહોંચવી જરૂરી છે. જો ૧૦ વાગ્યા પછી આ પ્રસ્તાવ સ્પીકર પાસે પહોંચે છે તો તેઓ બીજા દિવસે આ અંગે વિચાર કરી શકે છે.

જો અવિશ્વાસ પ્રસ્તાવ પર ૫૦ સાંસદોનું સમર્થન નથી તો તેના પર સ્પીકર વિચાર નથી કરતા. જો ૫૦ સાંસદોનું સમર્થન મળી જાય તો પછી સ્પીકરે ૧૦ દિવસની અંદર ગૃહની બેઠક બોલાવીને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા કરાવવાની રહે છે. આ ચર્ચા દરમિયાન પક્ષ અને વિપક્ષ બંને ગૃહમાં પોતાની વાત રાખે છે. ખાસ વાત એ છે કે તેમાં વડાપ્રધાને ગૃહમાં ચર્ચાનો જવાબ આપવો પડે છે.

સંસદીય ઈતિહાસમાં અત્યાર સુધીમાં ૨૭ વખત અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. જેમાંથી ત્રણ વખત સરકાર પડી છે અને વડાપ્રધાનને રાજીનામું આપવું પડ્યું છે. પૂરવ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને સૌથી વધુ ૧૫ વખત અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવો પડ્યો હતો પરંતુ દરેક વખતે તેઓ પોતાની સરકાર બચાવવામાં સફળ રહ્યાં હતા. અટલ બિહારી વાજપેયી, એચડી દેવેગૌડા અને વીપી સિંહની સરકાર અવિશ્વાસ પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં હાર્યા હતા. પરિણામે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું.

સંસદીય ઈતિહાસમાં પહેલો અવિશ્વાસ પ્રસ્તાવ દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના કાર્યકાળમાં આવ્યો હતો. ૧૯૬૩માં જેબી કૃપલાનીએ આ પ્રસ્તાવ રાખ્યો હતો. તે સમયે નહેરુની સરકાર ગૃહમાં જીતી ગી હતી. અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૬૨ અને વિરોધમાં ૩૪૭ વોટ પડ્યા હતા.

# મુખ્યમંત્રીની હાજરીમાં રાજ્યમાં એક જ દિવસમાં ૧૩૬૦ કરોડ રૂપિયાના રોકાણો માટે ૬ એમઓયુ થયાં

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બનાવવાના આશયે શરૂ કરેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે.આ સંદર્ભમાં ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે વિવિધ ઉદ્યોગ ગૃહો દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૩૬૦ કરોડ રૂપીયાના કુલ રોકાણો સાથે ૬ જેટલા એમઓયુ બુધવાર, ૨૬મી જુલાઈએ ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. તદઅનુસાર, એન્જીનિયરીંગ સેક્ટરમાં કુલ રૂ. ૭૭૫ કરોડના રોકાણો માટે ૩ ઉદ્યોગ ગૃહોએ એમઓયુ કર્યા હતા. આ ત્રણેય ઉદ્યોગ ગૃહો દ્વારા સાણંદ જીઆઈડીસી ફેઝ-૨ માં ઉદ્યોગો શરૂ કરાશે અને અંદાજે ૭૦૦ જેટલાં સંભવિત રોજગાર અવસરો પૂરા પાડવામાં આવશે. ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદરે રાજ્ય સરકાર વતી અને ઉદ્યોગ ગૃહોના સંચાલકો વતી તેમના વરિષ્ઠ સીઈઓ એમડી વગેરેએ હસ્તાક્ષર કર્યા હતા.આ એમઓયુ અંતર્ગત ટેક્ષટાઈલ સેક્ટરમાં એક એમઓયુ રૂ. ૨૯૪ કરોડના રોકાણો માટે કરવામાં આવ્યો હતો. તેના દ્વારા ૧૮૦૦ લોકોને અપેક્ષિત રોજગારી મળશે. એટલું જ નહિ, ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં થયેલા એમઓયુ અનુસાર, બે ઉદ્યોગો રૂ.૨૯૦ કરોડનું રોકાણ કરશે તથા ૫૦૦ જેટલી સંભવિત રોજગારીની તકોનું આ ઉદ્યોગમાં નિર્માણ થશે. આ એમઓયુ કરનારા સૌ ઉદ્યોગકારોએ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રો-એક્ટીવ અભિગમને પરિણામે ઉદ્યોગો શરૂ કરવા માટેની જરૂરી મંજૂરીઓ અતિ ઝડપે મળી છે તે માટે આભાર દર્શાવ્યો હતો.રાજ્યમાં લેબર પીસ અને સ્કીલ્ડ વર્કફોર્સની સરળ ઉપલબ્ધિને કારણે આ ઉદ્યોગકારો પોતાનાં યુનિટ્સના એક્સપાન્શન અને નવા એકમો શરૂ કરવા તેઓએ ગુજરાત પર પસંદગી ઉતારી છે તેમ જણાવ્યું હતું. સાણંદ જીઆઈડીસી ફેઝ-૨માં ૨૦૨૪-૨૫ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટેના આ જે ૬ એમઓયુ થયા છે તેમાં, એન્જિનિયરીંગ સેક્ટરમાં આર્સેલર મિત્તલ નિપ્પન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ, ઈન્ગરસોલ રેન્ડ ઈન્ડિયા લિમિટેડ અને ટેરેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો, ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં બાયો જેનોમિક્સ લિમિટેડ તથા બાયોટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડનો અને ટેક્ષટાઈલ સેક્ટરમાં વર્લ્ડ વાઈડ સેફ્ટી પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. આ એમઓયુ સાઈનીંગ અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન જીઆઈડીસીના એમડી રાહુલ ગુપ્તા, ઉદ્યોગ કમિશનરશ્રી સંદીપ સાંગલે તથા ઈન્ડેક્ષ બી નાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૪૪ ટકા સાંસદો તથા ૪૩ ટકા ધારાસભ્યો સામે ક્રિમીનલ કેસ પેન્ડીંગ

નવીદિલ્હી,

રાજકારણમાં અપરાધીકરણ રોકવા વાતો સિવાય કંઈ થતુ ન હોય તેમ દેશમાં લોકસભાનાં ૪૪ ટકા તથા રાજયસભાના ૩૧ ટકા સભ્યો સામે ફોજદારી કેસ પેન્ડીંગ રહેવાની માહીતી સૂપ્રિમ કોર્ટમાં રજુ કરવામાં આવી હતી.કોર્ટ સલાહકાર વિજય હંસારીયાએ સુપ્રિમ કોર્ટને આવો પણ રીપોર્ટ આપ્યો હતો કે જુલાઈ ૨૦૨૨ ની સ્થિતિએ ૪૩ ટકા ધારાસભ્યો સામે પણ ક્રિમીનલ કેસ પેન્ડીંગ છે.

સાંસદો તથા ધારાસભ્યો સામેના પેન્ડીંગ ફોજદારી કેસો સંબંધીત મામલાની સુનાવણી દરમ્યાન કોર્ટ સલાહકારે આ રીપોર્ટ પેશ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતમાં એડવોકેટ અશ્વીની ઉપાધ્યાય તરફથી અરજી દાખલ કરીને એવી માંગ કરવામાં આવી હતી કે સાંસદો-ધારાસભ્યો સામેના કેસ વહેલા ચલાવવામાં આવે આ અરજી પર સુપ્રિમ કોર્ટમાં સુનાવણી ચાલુ છે.

કોર્ટ સલાહકારે પણ ૧૭ માં રીપોર્ટમાં આવા ક્રિમીનલ કેસો વહેલા ચલાવવાનું સુચન કર્યુ હતું. સાક્ષીઓનાં નિવેદન લેવા તથા આરોપીઓને રજુ કરતા ટેકનોલોજીનો સહારો લેવામાં આવે. આરોપી દ્વારા ટ્રાયલમાં ઢીલ કરાય તો જામીન રદ કરવા જોઈએ.સીટીંગ સાંસદો-ધારાસભ્યોના કેસોને પ્રાથમિકતા આપવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે દેશની તમામ હાઈકોર્ટોને કોર્ટ સલાહકારનાં રીપોર્ટ પર પોતપોતાનો જવાબ રજુ કરવાની સુચના આપી હતી.

એસોસીએશન ફોર ડેમોક્રેટીક રાઈટસનાં રીપોર્ટનો હવાલો આપીને કોર્ટ સલાહકારે જણાવ્યું હતુ કે, લોકસભાનાં ૫૪૨ સભ્યોમાંથી ૨૩૬ વિરૂદ્ધ ક્રિમીનલ કેસ પેન્ડીંગ છે જે ૪૪ ટકા થવા જાય છે. જયારે રાજયસભાનાં ૨૨૬ માંથી ૭૧ સભ્યો વિરૂદ્ધ ક્રિમીનલ કેસ પેન્ડીંગ છે.

રાજકારણમાં અપરાધીઓને રોકવા માટે અનેક વખત વાતો કરવામાં આવતી હોવા છતાં કોઈ અસરકારક કાયદો બની શકતો ન હોવાની છાપ ઉપસે છે. જોકે, આજના સંજોગોમાં જોગવાઈઓ છે પરંતુ કોર્ટ ટ્રાયલમાં જ લાંબો વખત લાગી જતો હોય છે.

# એસ ફાંગનોન કોન્યાક નાગાલેન્ડની પ્રથમ રાજ્યસભા સાંસદ બન્યાં

નવીદિલ્હી,

ફાંગનોન કોન્યાક એપ્રિલ ૨૦૨૨ માં રાજ્યસભામાં ચૂંટાયેલી નાગાલેન્ડની પ્રથમ મહિલા છે અને સંસદ અથવા રાજ્ય વિધાનસભામાં ચૂંટાયેલી રાજ્યની બીજી મહિલા છે. દેશના વડા પ્રધાને એસ. ફાંગનોન કોન્યાકને રાજ્યસભાના અધ્યક્ષનું પદ સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા અને લખ્યું," એક ગર્વની ક્ષણ." રાજ્યસભાની અધ્યક્ષતા સંભાળતી વખતે કોન્યાકે કહ્યું કે હું રાજ્યસભાની અધ્યક્ષતા કરીને ખૂબ જ ગર્વ અનુભવી રહ્યો છું. ગૃહ દ્વારા બંધારણ (અનુસૂચિત જનજાતિ) ઓર્ડર (પાંચમો સુધારો) વિધેયક, ૨૦૨૨ પસાર થવાથી તે ફળીભૂત થવાથી ખુશ છે. આ સાથે તેમણે પીએમ મોદીના દૂરંદેશી નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે આજે પીએમ મોદીના કાર્યકાળ દરમિયાન મહિલાઓને રાજકારણ અને નેતૃત્વમાં યોગ્ય સન્માન અને સ્થાન આપવામાં આવી રહ્યું છે. આ



સાથે તેમણે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરનો પણ આભાર માન્યો હતો. જણાવી દઈએ કે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે ગયા અઠવાડિયે કોન્યાક સહિત અન્ય ત્રણ મહિલા સભ્યોને નોમિનેટ કર્યા હતા. લૈંગિક સમાનતા લાવવાના ઉદ્દેશ્ય સાથે, કોન્યાક, પીટી ઉષા, એસપીના ફૌઝિયા ખાન અને બીજેડીના સુલતા દેવ સહિત કુલ ત્રણ સભ્યોને ઉપપ્રમુખની પેનલમાં નામાંકિત કરવામાં આવ્યા હતા. પેનલમાં નામાંકિત આ તમામ મહિલા સભ્યો પ્રથમ વખત સાંસદ બની છે. ચોમાસુ સત્ર પહેલા પુનઃરચના કરાયેલી પેનલમાં ચાર પુરુષ સભ્યો છે.

# હવે એવોર્ડ વાપસી પર લગામ કસવા હિલચાલ : પરત નહીં કરવાના શપથ લેવડાવાશે

નવીદિલ્હી,

સરકારની નીતિરીતિનાં વિરોધમાં દેશમાં છેલ્લા કેટલાંક સમયથી એવોર્ડ વાપસીનું ચલણ શરૂ થયુ છે. ભૂતકાળમાં વિવિધ ક્ષેત્રની હસ્તીઓએ એવોર્ડ પરત આપી વિરોધ નોંધાવ્યો છે. હવે આ પ્રકારનાં વિરોધ પર લગામ કસવા માટે સંસદીય સમિતિએ અન્ડર ટેકીંગ ફોર્મ ભરવાની ભલામણ કરી છે. કમિટીનું કહેવુ છે કે એવોર્ડ મેળવનાર વિજેતાઓ પાસે અગાઉથી જ ફોર્મ પર સહી કરાવી લેવામાં આવે કે તે ભવિષ્યમાં પોતાનો એવોર્ડ પરત નહિં કરે.

કમીટીએ એવોર્ડ વાપસીનાં મુદાને દેશનું અપમાન ગણાવ્યું છે. આથી પુરસ્કારોની શાખ પર અસર પડી રહી છે. આ સમિતિમાં લોકસભાનાં ૨૧ અને રાજયસભાનાં ૧૦ સભ્યો સામેલ છે. સંસ્કૃતિ મંત્રાલય સાથે સંલગ્ન સંસદની આ સ્ટેન્ડીંગ કમીટીનાં અધ્યક્ષ રાજયસભા સાંસદ અને વાયએસઆર કોંગ્રેસના નેતા વી.વિજયસાય રેડ્ડી છે. પાર્લીયામેન્ટરી કમિટિએ ૨૦૧૫ માં કર્ણાટકનાં જાણીતા લેખક કલબૂર્ગીનાં મર્ડર બાદ એવોર્ડ વાપસીનો ઉલ્લેખ પણ કર્યો હતો. કમીટીએ જણાવ્યું હતું કે ભારત એક લોકશાહી દેશ છે.

આપણું બંધારણ દરેક નાગરીકને ભાષણ અને અભિવ્યકિતની આઝાદી આપે છે.બંધારણ વિરોધની પણ આઝાદી આપે છે પણ પુરસ્કાર પરત કરવા એક રીત બની રહ્યું છે. જયારે આવુ ન હોવુ જોઈએ. કમીટીએ જણાવ્યું હતું કે કોઈપણ સંગઠન કોઈને સન્માન તરીકે એવોર્ડ આપે છે એટલે તેનું રાજનીતિકરણ ન થવુ જોઈએ. ઘણીવાર એવુ જોવા મળ્યુ છે કે લોકો સરકાર સાથે સહમત નથી થતા તો એવોર્ડ પરત કરવાની વાત કરવા લાગે છે.

# અમેરિકા મોકલવાના બહાને છેતરપિંડીના કેસમાં કબૂતરબાજ શૈલેશ પટેલની ધરપકડ, ૯ લોકો જેલમાં હોવાનો એજન્ટનો દાવો

મહેસાણા,

મહેસાણાના હેડુવાના યુવકને અમેરિકા મોકલવાના બહાને થયેલી છેતરપિંડીના કેસમાં તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે, ત્યારે પોલીસે વધુ એક કબૂતરબાજ શૈલેષ પટેલની ધરપકડ કરી છે. હેડુવા ગામના સુધીર પટેલ સાથે અમેરિકા મોકલવાના બહાને થયેલી છેતરપિંડી કેસમાં SOGએ એજન્ટ શૈલેશ પટેલની ધરપકડ કરી છે. રિમાન્ડ પર રહેલો દિવ્યેશ પટેલ ઉર્ફે જોની પોલીસને એક જ વાત કહી રહ્યો છે કે તમામ વ્યક્તિ પકડાઈ ગયા છે અને જેલમાં છે. મહેસાણાના ૪ સહિત ૯ લોકો જેલમાં હોવાનો એજન્ટનો દાવો છે.

ડોમેનિકાથી અમેરિકા જઈ રહેલા લોકોને સ્થાનિક પોલીસે પકડી લીધા હતા અને સેન્ટ માર્ટિસ જેલમાં પૂર્યા છે. બીજી તરફ પોલીસે નવ વ્યક્તિનું શું થયું અને શું સ્થિતિમાં છે તે જાણવા સીઆઈડી મારફતે ફ્રાન્સ એમ્બેસીને રિપોર્ટ કર્યો છે. જેમાં પાછળના કેટલાક મહિનામાં ભારતના કોઈ નાગરિકોને પકડવામાં આવ્યા છે કે નહીં તેની જાણકારી માગવામાં આવી છે. જો કે અમદાવાદનો મુખ્ય એજન્ટ મહેન્દ્ર પટેલ ઉર્ફે એમડી ભૂગર્ભમાં ઉતરી ગયો છે..જેની શોધખોળ ચાલી રહી છે.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

કે. આર. રાઠવા

તરફથી અભીનંદન....

મુ. રાનીપુરા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ



અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

વી. પી. ચૌહાણ

તરફથી અભીનંદન....

મુ. ગોયાસુંડલ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ


## શહેરા નગરપાલિકા

## જાહેર નિવિદા

### ટેન્ડર નોટીસ નં.૦૩, વર્ષ ૨૦૨૩-૨૪ (બીજો પ્રયત્ન)

મુખ્ય અધિકારી, શહેરા નગરપાલિકા, જિ.પંચમહાલ તરફથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં રસ્તા રીસર્ફેસીંગની કામગીરી માટે રસ ધરાવતા સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૦૪/૦૮/૨૦૨૩, સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૦૮/૦૮/૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

શહેરા નગરપાલિકા/—

માહિતી/ગોધરા/૩૪૭/૨૦૨૩

# મહિસાગર જીલ્લાનાં ખેડૂતોએ રાજયપાલ આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક ખેતી અંગેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું

મહિસાગર,

હાલ ખરીફ ઋતુમાં વાવેતર પૂરઝડપે શરૂ કરી ખેડૂતો ખેતીની પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ જોતરાયેલ છે. પ્રાકૃતિક ખેતીની હાલના સમયમાં તાતી જરૂર હોય એવા સંજોગોમાં સંયુક્ત ખેતી નિયામક વડોદરાના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક ખેતીની શિબિર કંતાર ગામે યોજવામાં આવી હતી.

જેમાં સંયુકત ખેતી નિયામકએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી ગ્રામ પંચાયત દીઠ ૭૫ ખેડૂતો ખેતી કરે તેવા આશયથી પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતો પોતાની થોડીક જમીનમાં પણ પ્રાકૃતિક ખેતી કરે તે અંગે જણાવ્યું હતું.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સંયુકત ખેતી નિયામક તેમજ પ્રોજેકટ ડાયરેકટર આત્મા ડીપીડી ,લુણાવાડાના બીટીએમ અને એટીએમ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની પ્રત્યક્ષ ખેત મુલાકાત કરી હતી. જેમાં પ્રાકૃતિક ખેતીમાં લીંબુની પ્રાકૃતિક અને ખેતી કરતા ખેડૂતનો તેમજ મકાઈ અને મિશ્ર પાકની ખેતી પદ્ધતિ પણ નિહાળી હતી. આ અંગે તાજેતરની માર્કેટીંગ વ્યવસ્થા અને ખેડૂતો દ્વારા તેમ જ એફપીઓ જેવા માધ્યમો થકી માર્કેટીંગનું માર્ગદર્શન આપ્યું અને આ પ્રમાણે ખેત પેદાશોની નિકાસ થકી ખેડૂતોને વધારે પ્રમાણમાં ઉપજ અને આવક મળી રહે તેવું માર્ગદર્શન અપાયુ.

ખેડૂતોએ અને સંયુકત ખેતી નિયામકએ રાજયપાલ આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક ખેતી અંગેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના સમાપન બાદ ખેડૂતો સાથે વાર્તાલાપ કરી અને પ્રાકૃતિક ખેતી અંગે ના પ્રશ્નો નિરાકરણ અને ગાય આધારિત ખેતી કરવા માટેનું જરૂરી માર્ગદર્શન તેમજ જે ખેડૂતો પાસે ગાય નથી અથવા અન્ય વિકલ્પમાં જીવામૃત બીજામૃત અન્ય બનાવટો માટેનો સ્ત્રોત મેળવવા કેવી રીતે આયોજન થઈ શકે તે અંગેની માહિતી ખેડૂતોને આપી.

# લુણાવાડા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાયો

મહીસાગર,

જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ૨૦ વર્ષમાં અસંખ્ય લોકોએ સ્વાગત કાર્યક્રમ થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે.

મહીસાગર જીલ્લાના લુણાવાડા મામલતદાર કચેરી ખાતે કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને ગ્રામ્ય અને તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું



આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૪૧ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. જેમાં તાલુકા સ્વાગતના કુલ ૧૧ પ્રશ્નો અને ગ્રામ સ્વાગતના કુલ ૩૦ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તમામ પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

તાલુકા સ્વાગત કાર્યક્રમ હેઠળ વિવિધ વિભાગો માટેની કુલ ૪૧ ફરીયાદો હતી. આ તમામ ફરીયાદોના અરજદારઓને સંબધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં જીલ્લા કલેકટર દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અરજદારો સહિત તમામ તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંજેલી ICDS કચેરી ખાતે પટાવાળાના પગાર માટે દોઢ વર્ષથી ધરમ ધક્કા




- કલાર્ક દ્વારા પગારના બીલો બનાવિ પણ પેમેન્ટ પોતે લઈ લીધા હોવાનો આક્ષેપ.
- ૩ મહિનાનો પગાર ના આપતાં અનેક વાર શભમતમા મૌખિત રજુઆત.
- સંકલિત બાળ વિકાસ યોજના કચેરીમાં કલાર્ક દ્વારા પટ્ટાવાળાના બીલો બનાવી પાસ કરી બારોબાર ચાવ કરિયા હોવાની ચર્ચા.
- વાવચર બિલ બની ગયું છે કાલે જમા કરાવીશ એટલે કાલે થઈ જશે પણ કલાર્ક ની કાલ હજી પડતી નથી.

દાહોદ,

સંજેલી તાલુકામાં ૧૩૭ જેટલી આંગણવાડી કેન્દ્ર આવેલા છે. મોટા ભાગની કામગીરી ઓફિસ પર કરવાની હોય છે. તેને લઈને ઓફિસના કર્મચારી દ્વારા પ્રાઈવેટ પટ્ટાવાળો રાખી ત્રણથી વધુ માસ રાખી ફક્ત એક જ માસનો પગાર આપી પટાવાળાને લેગ્યુલર તને કરી દઈશું કહી ૨૫ હજારની માંગણી કરવામાં આવી હતી, પણ પટ્ટાવાળાએ ૨૫ હજાર આપવાની ના પાડતા ICDS નાકર્મચારી દ્વારા કહેવામાં આવ્યું કે, તારે ડોક્યુમેન્ટમાં લોચા છે કહી તારે આટલા આપવા પડશે, તેટલા આપવા પડશે, કહી પટાવાળાએ રકમ આપવા ના પાડતા પટાવાળાને ખદેડી મૂકી બારોબાર બીજા પટાવાળાને રાખી લેતા અનેકવાર મૌખિક રજૂઆત કરવામાં આવી છે. પણ ICDS દ્વારા કોઈ પણ યોગ્ય જવાબ ના આપતાં હેરાન થયેલા પટાવાળાએ ૩ મહિનાના બાકી રહેલો પગાર માંગતા કલાર્ક દ્વારા આજે કાલે કરતા ૨ વર્ષ થયાં પટાવાળાનો પગારનું બિલ વાઉચર તો બનાવીયું પણ બિલ પોતાના ખાતામાં જમા કરાવી દેવાયું કે શુ? પગાર બાબતે અનેકવાર આઈસીડીએસ વિભાગને જાણ કરાતા એકબીજાને ખો આપી રહ્યા છે. જાણે આ બાબતની કોઈને ખબર જ ના હોય તેમ અલગ અલગ જવાબ આપવામાં આવી રહ્યા છે. જયારે ૧ વર્ષ અગાઉ આ બાબતે સંજેલી ICDSમાં કલાર્ક તરીકે ડામોરનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે, તેમનું બિલ વાઉચર બની ગયું છે. બે દિવસમાં હું સંજેલી આવીશ જમા કરાવી દઉં છું, તમે ટેન્શન ના લો તેમ કહી તેમને એક વર્ષ ઉપરાંત ટાઈમ હોવા છતાં આજ દિન સુધી પટાવાળાના પગાર આપ્યો નથી. આઈસીડીએસ કચેરી દ્વારા કોઈપણ યોગ્ય જવાબ આપવામાં આવતો નથી. ફક્ત કામ કરાવી અને બીલો બારોબાર ચાંઉ કરતા હોવાની સંજેલી નગરમાં ચારેય કોર ચર્ચાનો વિષય બન્યો છે.

# ગૌશાળા બરીકોટ સંતરામપુર ખાતે રાજ્ય યુવા બોર્ડ દ્વારા વૃક્ષારોપણ કરાયું



સંતરામપુર,

સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ''સ્વામી વિવેકાનંદ વ'' કાર્યક્રમ અંતર્ગત દાસ હનુમાનજીની ગૌશાળા બરીકોટ ખાતે સંતરામપુર નગર વૃક્ષા રોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં જીલ્લા પ્રુમખ દશરથભાઈ બારિયા, જીલ્લા સંયોજક કમલેશભાઈ મછાર દાસ હનુમાનજીના મુકેશગીરીજી, નગર સંયોજક રોહિતભાઈ સોલંકી, પાર્થભાઈ પ્રજાપતી, યુવા કર્યાકર્તા ઉપસ્થિત રહ્યાં.

# દે.બારીયા શહેરમાં મકકમતા સાથે આગળ વધી રહેલો ઋતુજન્ય, પાણીજન્ય રોગચાળો રોક થામ કરાશે ?

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં અન પંથકમાં મેઘમહેર શ્રાવણના ઝાપટા જારી છે. તેવા સમયે બફારો અને રાત્રીમાં ભેજવાળું વાતાવરણ ચારે બાજુ વરસાદી પાણીના ખાબોચીયા અને કીચડનું સામ્રાજય સ્થપાઈ રહ્યું છે. જેના કારણે અને ખાસ કરીને ચોમાસાની ઋતુમાં દેખવામાં આવતું કન્જેકટીવાઈન્ટીસ વાયરસના કેસો એટલે આંખના દુઃખાવો જેમાં આ વાયરસ દર્દીને આંખોમાં ખુંચવાનું શરૂ થાય છે. અસહ્ય બળતવા થતી હોય છે. લાલ ધૂમ આંખો થઈ જવીછ આંખોમાં ચીભડા આવવા રૂમાલ, સાબુ અલગ કરવા દર્દીએ ચશ્માનો ઉપયોગ કરવો. જેથી ઘરમાં આ વાયરલ લાગુ ના પાડી શકે તેવા ઉપાયો કરવા હિતાવહ છે. તેના સમયે ચોકન્ના રહેવાની આવશ્યકતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં ભુર્ગભ ગટરોનું દુષિત પાણી, બારીયા–પીપલોદના મેન રોડ ઉપર છેલ્લા આઠ દિવસથી રેલમછેલ રેલાઈ છે. તેમજ આર્યુવેદિક દવાખાના પાછળની દિવાલના પાસે ભૂર્ગભ ગટરના ચેમ્બર માંથી ગંદુપાણી વહી રહ્યું છે. આખા વિસ્તારમાં તેની દુર્ગંધથી અવરજવર કરતી આમ જનતા પરેશાન છે. તો પણ નગર પાલિકાનું ભુર્ગભ ગટરના કર્મીઓ જેઓ ફાઈટર થી સાફ કરતા નથી. ગટરોની સાફસફાઈ કયારે હાથ ધરશે તે કહેવુ મુશ્કેલ છે. આ છે આપણા સ્વચ્છ ભારત મીશનનું સાચું દ્રશ્ય સ્વચ્છ ભારત મીશન પાછળ કરોડોની ગ્રાન્ટ કયાં જાય છે ? તેમજ પાનમ નદીમાં નવા નીર આવતા પીવાના પાણીના નળમાં ડોળું પાણી આવે છે. જેનાથી સ્કીન કિસીસ ચર્મરોગની એલર્જીની શહેરની આમ જનતામાં ફરીયાદો ઉઠવા પામી છે. આ દુષિત પાણીથી ન્હાવામાં ઉપયોગથી શરીર પર ખંજવાળ આવવા સાથે માંદગી સાથે રોગચાળો ફાટે તો નવાઈ નહી તેમજ ચાલી ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ, કમળો, કોલેરા, મેલેરીયા તેમજ ઝેરી મેલેરીયા, ટાઈફોઈડ, ખાંસી, ઉધરસ સાથે ઝીણો તાવના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની ભીડમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. સરકારી દવાખાનાની ઓપીડીમાં તમામ પ્રકારની ટ્રીટમેન્ટ થઈ રહી છે. લોકોને મગજમાં એકવાત પેસી ગઈ છે કે સરકારી હોસ્પિટલમાં સારી ટ્રીટમેન્ટ થતી નથી પરંતુ હાલમાં નવા સુપ્રિટેન્ડન્ટ નવા મુકાતા દરેક વિભાગનો સ્ટાફ એલર્ટમાં રહે છે અને હવે નગર પાલિકાનું તંત્ર તેમજ મેલેરીયા ખાતું આ તમામ વિભાગોને એલર્ટ ઉપર રાખવા જીલ્લાનું વહીવટી તંત્રને એકશનના મૂડમાં રહેવાનો વારો છે. તે કહેવું ખોટું નથી.

# મહીસાગર જીલ્લા પોલીસ સુરક્ષાસેતુ મહિલા જાગૃતિ કરણ તથા મહિલા શસકિત કાર્યક્રમ ડખરીયા પ્રાથમિક શાળામાં યોજાયો




બાલાસીનોર,

બાલાસિનોર પોલીસ PSI સી.આર.સિસોદિયા, રમાબેન મહિલા સુરક્ષા સમિતિના કાર્યકર્તા, જશીબેન મહિલા પોલીસ સ્ટેશન લુણાવાડા, મહિલા અને બાળ વિકાસ વિભાગ દિપિકાબેન, સોનલબેન FFWCના સભ્ય, ગંગાબેન ASI બાલાસિનોર, ઈન્દુબેન ાભ મહિલા પોલીસ સ્ટેશન લુણાવાડા, પ્રિતેશ ઠાકોર પોલીસ સલાહકાર, ગામના યુવાન સરપંચ વિષ્ણુભાઈ વાળંદ પ્રાથમિક શાળાનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગામ માંથી આવેલ વડીલો, મહિલાઓ તેમજ બાળકો ઉપસ્થિત રહ્યાં. જેમાં મુખ્યત્વે નાર્કોટિક્સ ડ્રગ્સ દુરઉપયોગને અટકાવવાને જાગૃતિ કાર્યક્રમ તેમજ સાબર ક્રાઈમમાં વધતું ફ્રોડ જેવી માહિતી આપવામાં આવી.

# આપની આજ.......

મેષ : તમે વ્યવસાયમાં મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી શકો છો. તમે ઘરના બાંધકામની જરૂરિયાતનો અનુભવ કરશો. સંબંધીઓ સાથેના સંબંધોમાં સુધાર થશે અને પ્રેમજીવનમાં તમારું માન વધશે.

વૃષભ : વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, આ માટે તેઓને મોટા લોકોને મળવાનું રહેશે. નાણાકીય રીતે પરિસ્થિતિઓ તણાવપૂર્ણ બની શકે છે, તેથી તમારે ધંધામાં વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ કરવાની જરૂર રહેશે. કોઈની સાથે સંઘર્ષને કારણે વર્તનમાં પરિવર્તન લાવવું પડશે.

કર્ક : વેપારની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. લાંબા સમયથી બંધ રહેલા માલના વેચાણમાં અચાનક ઉછાળો આવશે. દાંપત્ય જીવનમાં તમને પૂર્ણ સહયોગ અને વિશ્વાસનો અનુભવ થશે.

સિંહ : ઘરમાં કોઈ સભ્યને કારણે સામાજીક માન ગુમાવવાની સંભાવના છે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને ખર્ચા પૂરા થશે. સાંજનો સમય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં પસાર થશે.

કન્યા : ધંધાને કારણે પરિવારને સમય આપી શકતા નથી, જેના કારણે મન ઉદાસ થઈ જશે. દિવસની શરૂઆતથી જ તમે કોઈ મહત્વપૂર્ણ કામના જોડાણમાં વ્યસ્ત રહેશો, ક્યાંક પ્રવાસ પણ થઈ શકે છે. બપોર પછી મન શાંત રહેશે.

તુલા : તમારું કાર્યક્ષેત્રમાં માન રહેશે અને એક પછી એક કામનું નિરાકરણ લાવશો. મુસાફરી કરવાનું ટાળો નહીં તો આરોગ્ય ખરાબ થઈ શકે છે. સમય પ્રમાણે ધંધામાં ભાગદોડી કરીને તમે પ્રગતિ કરશો.

વૃશ્ચિક : કાર્યક્ષેત્ર માટે આજનો સમય લાભકારક છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. સખત મહેનત બાદ જટિલતાનો અંત આવશે. પરંતુ વધારે ઉત્સાહને લીધે કામ બગડે છે, તે ધ્યાનમાં રાખો.

ધનુ : આ દિવસે તમારો સ્વભાવ ખૂબ જીદ્દી રહેશે. ઘરના સભ્યો પ્રત્યે વર્તનમાં કડવાશ હોઈ શકે છે પરંતુ વિરોધીઓ પ્રત્યે નરમ રહેશો. આ કાર્યસ્થળ અથવા સામાજિક સ્તરે પણ નુકસાન પહોંચાડી શકે છે.

મકર : આજે તમારા વિચારો ઘણા દિવસો પછી બીજા લોકો સાથે મેળ ખાશે. મહત્વપૂર્ણ વ્યવસાય સંબંધિત ડીલમાં તમને સફળતા મળશે. વિદેશી સંબંધિત ધંધામાં પણ સફળતા મળશે.

કુંભ : આજે કાર્યક્ષેત્રમાં ટૂંકા સમયમાં આશાસ્પદ લાભ મળી શકે છે, પરંતુ આ માટે મનને કામ તરફ વાળવું પડશે. પરિશ્રમ પછી ઈચ્છિત લાભ થશે. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે.

મીન : વેપાર વર્ગ કરતાં વેપારીઓ માટે દિવસ વધુ આનંદપ્રદ રહેશે. આખો દિવસ મનોરંજનની તકો પણ સરળતા સાથે મળશે, પરંતુ કોઈ કારણોસર મન પણ ભયભીત રહેશે. વેપારી વર્ગ બપોર સુધી ધંધામાં વ્યસ્ત રહેશે.

# આમ આદમી પાર્ટી દ્વારા ઝાલોદ નગરમાં પાલિકાના કથળતા વહીવટને લઈ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું

ઝાલોદ,

ઝાલોદ નગરમાં છેલ્લા કેટલાય સમયથી નગરજનોને પ્રાથમિક સુવિધા નથી મળી રહી લેખિત મૌખિક રજૂઆત કરવા છતાંય ફરિયાદો સાંભળવામાં આવતી નથી. તે જોઈ નગરની આમ આદમી પાર્ટી પ્રજાજનોને પડતી હાલાકી તાત્કાલિક દૂર કરવા માટે એક આવેદનપત્ર પ્રાંત અધિકારીને આપી નગરની વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ નગરમાં પ્રાથમિક સુવિધા જેમકે રસ્તા, પાણી, લાઈટ, ગટરના પાણીનો યોગ્ય નિકાલ જેવા મુદ્દાઓને લઈ સામાન્ય જનતા પીડાઈ રહી છે. આ દરેક સમસ્યા નગરના તમામ વિસ્તારોમાં જોવા મળી રહી છે. નગરને આ દરેક પાયાની સુવિધા આપવા માટે જવાબદાર તંત્ર જાગૃત થાય તે માટે આમ આદમી પાર્ટીએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી મૌખિક રજુઆત પણ કરી હતી.

નગરની સમસ્યાઓમાં મૌલાના આઝાદ સ્કૂલ તરફ જવાનો રસ્તો જે બિસ્માર હાલતમાં છે. આખા નગરના લગભગ દરેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા, વણકતલાઈ રોડ પર વરસાદ પડતાં ત્યાં પાણી ભરાઈ જવાના બનાવો, પ્રભુતા પાર્ટી પાસેનો બિસ્માર હાલતનો રોડ તેમજ નગરના દરેક વિસ્તારોમાં આવેલ બિસ્માર રસ્તાઓ, તળાવ પાસે ઘાંચી સમાજના કબ્રસ્તાન પાસે રસ્તા પરની અસહ્ય દુર્ગંધ મારતી ગંદકી, નગરમાં પૂરતા પ્રેશર થી પાણી મળતું નથી. કુમારશાળા જવા તરફનો રસ્તો આ બધી સમસ્યાનો તાત્કાલિક નિવેડો લાવી નગરજનોને સારી સુવિધા પાલિકા તંત્ર દ્વારા આપવામાં આવે તેવી માંગ આમ આદમી પાર્ટી ઝાલોદ વિધાનસભા વિસ્તારના પ્રમુખ અનિલ ગરાસીયા દ્વારા દ્વારા તેમના ટેકેદારોને સાથે લઈ કરવામાં આવી હતી.

# ઝાલોદ કોલેજમાં આરોગ્ય જાગૃતિ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



ઝાલોદ,

તા.૨૬/૦૭/૨૦૨૩, ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગે જાગૃતિ વધે તે માટે 'આરોગ્ય જાગૃતિ' અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અનિલભાઈ અને હેતલબેને વિદ્યાર્થીઓને એચ.આઈ.વી. અને હિપેટાઇટિસ બી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ આ રોગના લક્ષણો અને આ રોગ માંથી કેવી રીતે બચી શકાય તે અંગેના ઉપાયો બતાવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. ઓફિસર ડો. બાહદુરસિંહ ગોહિલ, ડો. આશિષ મોદી ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ મિત્રો તથા કોલેજના તમામ NSS,NCC અને સ્પોટ્ર્સના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડો. બી.એમ. ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાહોદ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું



દાહોદ,

દાહોદ, તા.૨૪/૦૭/૨૩, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત N.S.S સ્ટુડન્ટ યુનિયન તથા પંચ પ્રકલ્પ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને કોલેજના પ્રોફેસર ડો. કે.ટી. જોશી તથા ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા અભિવાદન તેમજ શુભકામનાઓ પાઠવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં ભાટીયા સૂચિ, નિબંધ સ્પર્ધામાં હઠીલા કિંજલ અને ચિત્ર સ્પર્ધામાં સોલંકી ઉમેશએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ વિદ્યાર્થીઓ તા. ૨૭/૦૭/૨૦૨૩ નારોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે ભાગ લેશે. આ કાર્યક્રમમાં નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ભરત બોદર, ડો.હરીશ પંચાલ તથા કિર્તનભાઈ પિત્રોડા દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. આ સમગ કાર્યક્રમનું આયોજન કોલેજના N.S.S પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલ તથા રાહુલ ગોહિલ દ્વાર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી, કોલેજ પરિવારના સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય હતા.

# ખરોદ શ્રી ગાયત્રી ઉ.મા.શાળા અને વિશ્વ હિપેટાઈટીસ દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૨૬.૭.૨૩ નારોજ જીલ્લા ટીબી, લેપ્રેસી, એચ.આઈ.વી., હિપેટાઈટીસ નિયત્રંણ અધિકારી DTO ડો. આર.ડી.પહાડીયા ના માર્ગદર્શન હેઠળ શ્રી ગાયત્રી ઉચ્ચ માધ્યમિક શાળા, ખરોદા ખાતે ''વિશ્વ હિપેટાઈટીસ દિવસ''ની ઉજવણીના ભાગરૂપે ''વન લાઈફ વન લીવર થીમ, લીવર સંબધિત સમસ્યા હોય ત્યારે સમયસર નિદાન દ્વારા હિપેટાઈટીસ થતો અટકાવીએ, વર્લ્ડ હિપેટાઈટીસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અવેરનેસ એક્ટિવિટીમાં હિપેટાઈટીસ બી/સી, TB, HIV અને લેપ્રેસી પ્રોગ્રામ વિશે વિસ્તૃત જાણકારી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવી. જાણકારી આપ્યા બાદ પ્રશ્નોતરી હરીફાઈ કરવામાં આવી અને વિજેતા વિદ્યાર્થીને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું. આજના અવેરનેસ એક્ટિવિટીમાં DTO, MODTC, PHCના MO, CHO, આશા વર્કરો, STS DTC, Dist. Prog. Assistant, DAPCU, સ્કૂલના પ્રિન્સિપાલ, અદ્યાપકઓ વગેરે હાજર રહેલ છે. ''જાણકારી એજ બચાવ, જાગૃત રહીએ, સુરક્ષિત રહીએ''.






# ડબલ એન્જિન સરકાર,
# વિકાસની તેજ રફ્તાર

માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્‌હસ્તે

# સૌરાષ્ટ્રના લોકોને ₹૨૦૩૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટની ભેટ






**રાજકોટમાં ગુજરાતનું ચોથું ઇન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ:**
૨૫૩૪ એકર વિસ્તારમાં ફેલાયેલ 3 કિમી લાંબો અને
૪૫-મીટર-પહોળો રન વે કોઈપણ સમયે ૧૪ વિમાનોને સમાવી શકે છે.
₹૧૪૦૫ કરોડનું આ એરપોર્ટ પીક અવર્સ
દરમિયાન પ્રતિ કલાક ૨૮૦૦ પ્રવાસીઓનું સંચાલન કરી શકશે.

**"સૌની" યોજનાના વિસ્તરણ થકી હરિયાળી ક્રાંતિને મળ્યો વેગ:**
કુલ ₹3૯૪ કરોડના ખર્ચે "સૌની" યોજના લિંક-3ના
ભાદર-૧, આજી-૧ અને ફોફળ-૧ના
ફીડરના વિસ્તરણ થકી ૯૮,૦૦૦ થી વધુ લોકોને
તથા ૫૨,૩૦૦ એકરથી વધુ જમીનને થશે લાભ







**રાજકોટ મહાનગરપાલિકાના કુલ ₹૨૩૪ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ:**
₹૧૩૦ કરોડના ખર્ચે રાજકોટના કાલાવડ રોડ કે. કે. વી. ચોક ખાતે
નિર્મિત રાજકોટ શહેરનો પ્રથમ ૧૧૫૨ મીટર લાંબો
મલ્ટીલેવલ ફ્લાય ઓવરબ્રિજ

**અમૃત-૧ યોજના હેઠળ વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ:**
₹30 કરોડના ખર્ચે રૈયાધાર ખાતે ૫૦ મિલિયન લિટરની ક્ષમતાવાળા
વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને કોઠારિયા ખાતે ₹૨૫ કરોડના ખર્ચે ૧૫ મિલિયન લિટરની
ક્ષમતાવાળા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ





**₹૯ કરોડના ખર્ચે ત્રણ માળની અદ્યતન લાઈબ્રેરીનું લોકાર્પણ:**
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વિવિધ વિષયોના ૩૩,૦૦૦થી
વધુ પુસ્તકો અને બાળકોના ૧૯૩૦ રમકડાઓથી સમૃદ્ધ લાઇબ્રેરી

**૨૭-૦૭-૨૦૨૩, ગુરુવાર • બપોરે ૨-૩૦ વાગે • રેસકોર્સ મેદાન, રાજકોટ**



# વેજલપુર કે.કે.હાઈસ્કુલમાં અભ્યાસ કરતા મુસ્લીમ વિદ્યાર્થીના

# સ્કુલ યુનિફોર્મના વિવાદના ઉકેલ બાદ આચાર્ય અને શિક્ષકો દ્વારા પોલીસ મથકમાં ખોટી અરજી કરતાં મુસ્લીમ સમાજ દ્વારા પોલીસ મથકમાં લેખિત રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુરની કે.કે.હાઈસ્કુલમાં અભ્યાસ કરતા મુસ્લીમ સમાજના વિદ્યાર્થીઓ શાળાના યુનિફોર્મ મુજબના કલરના કપડાં પહેરીને શાળામાં જતા હોય પણ પરંતુ શર્ટની જગ્યાએ ઝભ્ભો (કુર્તો) પહેરી શાળામાં જતા હતા. અચાનક શાળા દ્વારા ઝભ્ભો પહેરી ન આવવાની સુચના આપી હતી. સામાજીક કાર્યકર્તાઓ દ્વારા આચાર્યને પહેરવેશમાં છુટછાટ માટે અરજી આપી હતી. આ ટ્રસ્ટ મંડળ ઉપર છોડતા ટ્રસ્ટ મંડળના પ્રમુખ સાથે ચર્ચા કરતાં યુનિફોર્મ કલરનો ઝભ્ભો પહેરવાની છુટ આપી હતી. ૧૭ જુલાઈના રોજ હાઈસ્કુલના શિક્ષક દ્વારા બે વિદ્યાર્થીઓને ઝભ્ભા નહિ ચાલે શર્ટ પહેરી આવો તેમ કહી શાળા માંથી કાઢી મુકવામાં આવ્યા હતા. આ બાબતે સમાજના આગેવાનો દ્વારા આચાર્યને જણાવતાં શિક્ષકોને સુચના આપવાનું ભુલી ગયેલ એવું પ્રશ્ન ઉકેલાઈ જશે. તેવો દિલાસો આપ્યો હતો. આચાર્ય અને શિક્ષકો વિરૂદ્ધ ખોટી અરજી આપવામાં આવતાં મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા વેજલપુર પોલીસ મથકના પી.એસ.આઈ.ને લેખિત રજુઆત કરાઈ છે.

વેજલપુર ખાતે આવેલ કે.કે.હાઈસ્કુલમાં મુસ્લીમ સમાજના બાળકો પણ અભ્યાસ



કે.કે. હાઈસ્કૂલમાં વેજલપુરના વાલીઓ આચાર્ય સમક્ષ રજૂઆત કરતાં નજરે પડે છે.

કરી રહ્યા છે અને શાળા તરફથી નિયત કર્યા મુજબના યુનિફોર્મ પહેરીને જતા હોય છે, પરંતુ મુસ્લીમ વિદ્યાર્થીઓ શર્ટની જગ્યાએ ઝભ્ભા (કુર્તો) પહેરીને જતા હોય ત્યારે અચાનક શાળા દ્વારા ઝભ્ભા પહેરીને આવવા માટે ના પાડવામાં આવી હતી. જેને લઈ મુસ્લીમ સમાજના મૌલ્વી, સામાજીક કાર્યકરોએ શાળાના આચાર્યને મળીને સ્કુલ યુનિફોર્મના પહેરવેશ માટે ચર્ચા

**શાળના નિયમો અનુસાર વિદ્યાર્થીઓને યુનિફોર્મ બાબતે સુચના આપવામાં આવી છે.**
**: હર્ષવર્ધન પુવાર, કે.કે.હાઈસ્કુલ આચાર્ય :**

કરી છુટછાટ આપવા લેખિત અરજી આપતા આચાર્ય દ્વારા અરજી લેવામાં આવી ન હતી. યુનિફોર્મ ટ્રસ્ટ મંડળ દ્વારા નકકી થયેલ છે. જેથી ટ્રસ્ટ મંડળને મળો તેમ કહેતા ટ્રસ્ટ મંડળના પ્રમુખ સાથે ફોનથી સંપર્ક કરી યુનિફોર્મ અંગે ચર્ચા કરતાં ત્યારે બાળકો ઝભ્ભા પહેરીને આવે પરંતુ યુનિફોર્મ મુજબના કલર અને પેર્ટનમાં આવે ત્યારબાદ આચાર્ય દ્વારા સામાજીક કાર્યકર બોલાવી ફોરમેટ આપી તે મુજબના પહેરવેશ બાબતે અરજી બાળકોના નામ સાથે આપો તેમ કહેતા યુનિફોર્મના પ્રશ્નનો નિકાલ થઈ ગયેલ હતો પરંતુ ૧૭ જુલાઈના રોજ શાળામાં શિક્ષક દ્વારા ઝભ્ભા પહેરી આવેલ બે વિદ્યાર્થીઓને યુનિફોર્મ મુજબના શર્ટ પહેરી આવો તેમ કહીને શાળા માંથી કાઢી મુકેલ હતા. બાળકોને કાઢી મુકતા સમાજના આગેવાનોએ આચાર્યના સંપર્ક કરતાં આચાર્ય દ્વારા મંડળ તરફથી સુચના અપાઈ છે. પરંતુ શિક્ષકોને સુચના

**વેજલપુર કે.કે.હાઈસ્કુલ અવારનવાર વિવાદોમાં રહેતી હોય છે. ત્યારે હવે આ ઓછું હોય તેમ યુનિફોર્મ મુજબનો ઝભ્ભાનો વિરોધ કરી વિવાદ ઉભો કર્યો છે. શાળાના આચાર્ય અને શિક્ષકો સુમેળતા જળવાય તેવી ભાવના નહિ રાખી મુસ્લીમ સમાજના આગેવાનો વિરૂદ્ધ પોલીસમાં ખોટી રજુઆત કરી.**

આપવાનું ભુલી ગયો છું તેમ કહેતા આ પ્રશ્નનો ઉકેલ આવ્યો હતો. પરંતુ હાઈસ્કુલમાં આચાર્ય અને પાંચ શિક્ષકો દ્વારા વેજલપુર પોલીસ મથકમાં મુસ્લીમ સમાજના આગેવાન અને સામાજી કાર્યકર વિરૂદ્ધ અરજી કરી બાળકો સમક્ષ મુસ્લીમોની લાગણી દુભાઈ તેવી હકીકતો શાળામાં ઝભ્ભા બાબતે એડમીશન નહિ આપી સીધા કરી દેવાના તેમ કહી શાળાના શિક્ષકો અને બાળકોમાં મુસ્લીમ પ્રત્યે વેરઝેર ઉભું કરી ધાર્મીક કટ્ટરતા ફેલાવી રહ્યા છે. તેમાં બાળકોનું હિત પણ જોખમાઈ રહ્યું હોય કે.કે.હાઈસ્કુલના આચાર્ય અને શિક્ષકો દ્વારા મુસ્લીમ સમાજના વિદ્યાર્થીઓના ધર્મ મુજબના પહેરવા દેતા ન હોય તેઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે વેજલપુર પોલીસ મથકના પી.એસ.આઈ.ને મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા લેખિત રજુઆત કરાઈ.

## પંચમહાલ આરોગ્ય વિભાગ દ્વારા વાહક જન્ય રોગના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અંતર્ગત કામગીરી કરાઈ

ગોધરા,

પંચમહાલ આરોગ્ય વિભાગ દ્વારા વાહક જન્ય રોગના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અંતર્ગત એન.વી.બી.ડી.સી.પી ઝુંબેશના બીજા તબક્કા અંતર્ગત જીલ્લાના તમામ તાલુકાઓમાં ૬૧૯૩ ટીમ મારફતે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. ઝુંબેશ અંતર્ગત પંચમહાલ જીલ્લાના ૨ લાખ ૯૨ હજાર ૯૨૪ ઘરોમાં ૧૫ લાખથી વધુ વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવી હતી.

જે પૈકી મોરવાહડફ તાલુકાના કુલ ૩૫,૬૦૦ ઘર,શહેરા તાલુકાના કુલ ૪૭,૨૨૯ ઘર,ગોધરા તાલુકાના કુલ ૭૭,૫૭૬ ઘર, ઘોઘંબા તાલુકાના કુલ ૩૮,૦૯૮ ઘર, કાલોલ તાલુકાના કુલ ૪૧,૯૨૬ ઘર, હાલોલ તાલુકાના કુલ ૪૩,૮૭૯ ઘર, જાંબુઘોડા તાલુકાના કુલ ૮૬૧૬ ઘરને સર્વેલન્સ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. આ કામગીરી અંતર્ગત તાવની સંભવિત બીમારીઓ સામે લોકોના લોહીના નમૂના પણ લેવાયા હતા. જ્યારે ૮૭૦૯ ઘરોમાં મચ્છરના બ્રીડિંગ મળી આવતા ત્યાં ટેમિફોસ દવા મારફતે પોરનાશક કામગીરી કરાઈ હતી. આ સાથે મચ્છર ઉતપ્તિ સ્થાનોનો નિકાલ કરાયો હતો તેમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી જીલ્લા પંચાયત ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## સંત નિરંકારી મિશન, દિલ્હીના લોકપ્રિય લેખક ગીતકાર મહાત્મા જગતજી ગોધરામાં

ગોધરા,

આપ સર્વે ભાવિક ભક્તજનોને જણાવતાં આનંદ થાય છે કે, સંત નિરંકારી મિશન, દિલ્હીના લોકપ્રિય લેખક ગીતકાર પરમ આદરનીય મહાત્મા જગત ગીતકારજી કે જેમને નિરંકારી સંત સમાગમોમાં અને સદગુરૂની પ્રચારયાત્રાઓમાં સાંભળવાનો મોકો મળે છે. તેઓ તા.૨૮-૦૭-૨૦૨૩ને શુક્રવારના રોજ ગોધરા પધારી રહ્યા છે. તેમની અધ્યક્ષતામાં સંત નિરંકારી સત્સંગ ભવન, ભુરાવાવ, ગોધરા ખાતે સાંજે ૫ થી ૭ દરમ્યાન સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પધારી દર્શન સત્સંગનો લાભ લેવા વિનંતી કરવામાં આવેલ છે. સત્સંગ સમાપ્તિ પછી તમામના માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.


## ઘોઘંબાના કંકોડકોઈ ગામના ૨૪ વર્ષીય યુવાને પેટ્રોલ છાંટી સળગી જતાં સારવાર હેઠળ દાખલ કરાયા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કંકોડકોઈ ગામે રહેતા ૨૪ વર્ષીય યુવાને કોઈ કારણોસર પેટ્રોલ છાંટીને સળગી જતાં દવા સારવાર માટે હાલોલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના કંકોડકોઈ ગામે રહેતા જીતેન્દ્રસિંહ ગોવિંદસિંહ ઉ.વ.૨૪ એ પોતાના ઘરે અગમ્યકારણોસર શરીર ઉપર પેટ્રોલ છાંટી સળગી જતાં ગંભીર રીતે દાજી જતાં સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ત્યાંથી વડોદરા એસ.એસ.જી. અને ત્યાંથી હાલોલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

## શહેરાની ખાતે વ્યંધત્વ નિવારણ માટે મફત નિદાન કેમ્પ યોજાયો



શહેરા,

શહેરા નગરના હોળી ચકલા વિસ્તારમાં આવેલ ભાવસાર હોસ્પિટલમાં ભારત એમ.ડી. અને ભાવસાર હોસ્પિટલના સહયોગથી નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક તાલુકા સહીત જીલ્લામાંથી ૧૫૫ થી વધુ નિઃસંતાન દંપતિઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. ડોક્ટર રાજેશ પંજાબી આઇ.વી.એફ. સ્પેશિયાલિસ્ટ અને ગાયનેકોલોજીસ્ટ ડોકટર દીપ ભાવસાર દ્વારા નિઃસંતાન, શુક્રાણુંમાં ખામી, ગર્ભાશયમાં ગાંઠ, વારંવાર ટેસ્ટ ટ્યુબ બેબીમાં નિષ્ફળતા મળેલ હોય તેમજ લગ્નજીવનને ઘણો સમય થયો હોવા છતાં નિઃસંતાન હોય તેવા દંપતિઓની તપાસ કરવામાં આવી હતી અને તેઓને વ્યંધત્વ નિવારણ માટે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન આ કેમ્પમાં નિઃસંતાન દંપતિઓએ લાભ લઈને અનેક આશાઓ સાથે ચહેરા પર ખુશી લઈને જતા જોવા મળી રહયા હતા.

## શહેરા મામલતદાર કચેરી ખાતે જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના અધ્યક્ષસ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા,

લોકપ્રશ્નોના ઝડપી નિરાકરણ એટલે સ્વાગત કાર્યક્રમ. સ્વાગત કાર્યક્રમને રાજ્ય સરકાર દ્વારા 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન દર મહીને સતત કરવામાં આવી રહ્યું આવ્યું છે. જે અંતર્ગત આજરોજ પંચમહાલ જીલ્લાના તાલુકા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયા હતા. પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના અધ્યક્ષસ્થાને શહેરા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શહેરા મામલતદાર એન.એમ. મોદી સહિત સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા સ્વાગત ખાતે કુલ ૧૨ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

## શ્રી કે.એમ.મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ મોરવા(રેણા) ખાતે જલ સંવાદ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા અને કે.એમ.મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ, મોરવા (રેણા) ખાતે જલ સંવાદ, કીવ્ઝ કોમ્પિટિશન યોજવામાં આવી હતી. વિવિધ જગ્યાએ વરસાદી પાણી બચાવો અંતર્ગત જુદાં જુદાં પદ્ધતિથી પાણી બચાવો, કીવ્ઝ કોમ્પિટિશન, જાગુર્તિ માટેના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં પાણી બચાવો પર, શાળાના આચાર્ય નરેશભાઈ પટેલ તેમજ નરેન્દ્રભાઈ પટેલ ખૂબ જ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જીલ્લામાં વિવિધ જગ્યાએ નિબંધસ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કીવ્ઝ કોમ્પિટિશન વગેરે કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું. ઉપરાંત જાહેર જગ્યાએ વોલ પેન્ટિગ, સ્વોગન, રાઈટીંગ, નુક્કડ નાટક જેવાં કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમનો મુખ્યહેતુ વરસાદી પાણી બચાવવાનો તથા ગ્રામજનો અને આજની યુવા પેઢીને પાણીનું મહત્વ સમજે તે હતો. જળ એજ જીવન હોય યુવક/મહિલા મંડળો સભ્યો, રાષ્ટ્રીય સેવા, કર્મીઓ કાર્યકમ સફળ બનાંવ્યો હતો. વિવિધ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લેનાર અને વિજેતાઓને ઈનામ, પ્રમાણપત્રો, ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા કચેરીના જીલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## હાલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના જન્મદિવસની કાર્યકરો દ્વારા ઉજવણી કરી



હાલોલ,

હાલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમારના જન્મદિવસની ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા સાદગી પૂર્વક ઉજવણી કરવામાં આવી. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ઘોઘંબા તાલુકાના આસપાસના વિસ્તારની વિધવા મહિલાઓને સાડીનું વિતરણ કરવામાં આવ્યું અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઘોઘંબા ખાતે ભારતીય જનતા પાર્ટીના રાજકીય હોદ્દેદારો, કાર્યકરો અને સામાજીક આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્યની ઉજવણીના પ્રસંગ પરથી ખરેખર સારો સંદેશ મળે છે કે, ઘણા લોકો ખોટા ખર્ચ કરી અને જન્મદિવસની ઉજવણી કરતા હોય છે. પરંતુ જરૂરિયાતમંદ લોકો જેવા કે વિધવા મહિલાઓને સાડીઓ તથા જરૂરિયાત ચીજો વિતરણ કરી અને સાદગી પૂર્વક જન્મદિવસની ઉજવણી કરવાની અનોખી રીતે જોવા મળી હતી. સર્વે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ધારાસભ્ય જયદ્રસિંહ પરમારને શુભેચ્છા અભિનંદન પાઠવ્યા હતા.

## કોમર્સ કોલેજ ગોધરાના NSS દ્વારા કારગીલ વિજય દિવસની ઉજવણી




ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમ દ્વારા તારીખ ૨૬ જુલાઈ એટલે કે, કારગીલ વિજય દિવસની દેશભક્તિની ભાવના સાથે જોમ અને જુસ્સાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના સદાબા હોલ ખાતે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને એનએસએસ ના પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકીએ ઉપસ્થિત યુવાનોને જણાવ્યું હતું કે, માભોમની રક્ષા કાજે તારીખ ૨૬ જુલાઈ ૧૯૯૯ ના રોજ પાકિસ્તાનીઓ દ્વારા થયેલા હુમલામાં પંચમહાલ જીલ્લાના પનોતા પુત્ર શહેરા તાલુકાના ખટકપુર ગામના વીર ભલાભાઈ બારીયા શહીદ થયા હતા. તેમને આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ. ત્યારે આપણને દુઃખ સાથે ગૌરવ પણ થાય છે કે, તેમની શહાદતે આ દેશને બચાવી કારગિલની ટોચ પર તિરંગાને લહેરાતો રાખ્યો છે. આવા વીર સૈનિકોને આપણે આવા પ્રસંગે યાદ કરી એમને શ્રદ્ધાંજલિ આપીએ સાથે સાથે જરૂર પડે ત્યારે તમે સૌ યુવાનો આ દેશ માટે એક થાઓ અને આઝાદીનું રક્ષણ કરવા, આપણા દેશનું રક્ષણ કરવા કાજે શહિદ થવું હોય તો શહીદ બનવા પણ તૈયાર રહેવાનું આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં ભાઈઓ ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીની બહેનો પણ ઉપસ્થિત રહી હતી.

## પંચમહાલ-વડોદરાની ચોરીના આરોપીને લીમખેડાની દાહોદ એલ.સી.બી.એ ઝડપ્યો

દાહોદ,

વડોદરા તેમજ પંચમહાલ જીલ્લામાં છ જેટલી ઘર પર ચોરીઓમાં સામેલ વોન્ટેડ આરોપીને દાહોદ એલસીબી પોલીસે લીમખેડાના ચીલાકોટાથી ઝડપી જેલભેગો કર્યો.

વડોદરા તેમજ પંચમહાલ જીલ્લામાં છેલ્લા દોઢ વર્ષના સમયગાળા દરમિયાન છ જુદી જુદી ઘર પર ચોરીઓને અંજામ આપી પોલીસને ચકમો આપી ફરાર થવામાં સફળ રહેલા ઘરફોડ ચોરને દાહોદ એલસીબી પોલીસે લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામેથી ઝડપી જેલ ભેગો કર્યો હોવાનું જાણવા મળેલ છે.

દાહોદ એલસીબી પોલીસ હાલ શ્રાવણનો મહિનો ચાલતો હોવાથી સ્પેશલ દારૂ જુગારની સ્પેશિયલ ડ્રાઈવમાં પેટ્રોલિંગમાં લીમખેડા બાજુ નીકળી હતી. તે સમયે એલસીબીના પી.આઈ. કે.વી. ડીંડોરને બાતમી મળી હતી કે, લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામનાં બ્રુસકા ફળિયાનો કમલેશ નવલસિંહ તડવી જે છેલ્લા દોઢ વર્ષના સમયગાળા દરમિયાન વડોદરા શહેર તેમજ વડોદરા ગ્રામ્યના બે ઘરફોડ ચોરી તેમજ પંચમહાલ જીલ્લાના હાલોલ શહેરમાં બે મળી કુલ છ જેટલી ઘર પર ચોરીઓમાં સંડોવાયેલો અને છેલ્લા દોઢ વર્ષથી પોલીસને ચકમો આપવામાં સફળ રહેલો કમલેશ તડવી પોતાના ઘરે આવેલો હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસની ટીમે કમલેશ તડવીના ઘરે દરોડો પાડી તેણે ઘરેથી ઝડપી લીધો હતો. એલસીબી પોલીસના હાથે ઝડપાયેલો કમલેશ તડવી વડોદરા તેમજ પંચમહાલમાં મળી કુલ છ ઘરફોડ ચોરીઓમાં સામેલ હોવાનું સામે આવતા એલસીબી પોલીસે બંને પોલીસ મથકોમાં આ અંગેની જાણ કરી પકડાયેલા કમલેશ તડવીને જેલભેગો કર્યો હતો.

## સંતરામપુર નગરમાં આંખના ચેપી રોના દર્દીઓ વધ્યા સ્ટેટ હોસ્પિટલમાં ૨૦૦ દર્દીઓ નોંધાયા



સંતરામપુર,

સંતરામપુર નગરમાં છેલ્લા ઘણા સમયથી આંખોના ચેપી રોગના દર્દીઓમાં સતત વધારો ઈ રહ્યો છે. સ્ટેટ હોસ્પિટલમાં ૨૦૦ ઉપરાંત દર્દીઓ રોજ આંખના ચેપી રોગની સારવાર માટે આવી રહ્યા છે.

સંતરામપુર નગરમાં ચોમાસાની સીજનને લઈ મચ્છરજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ આંખોના ચેપી રોગના દર્દીઓ પણ સતત વધી રહ્યા છે. નગરમાં ઘર દીઠ બે થી ત્રણ લોકોના આંખોના ચેપીરોગમાં સપડાયા છે. આંખના ચેપી રોગની સારવાર માટે સ્ટેટ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. હોસ્પિટલમાં દિવસ દરમિયાન ૨૦૦ ઉપરાંત દર્દીઓને આંખના ચેપી રોગની દવા સારવાર અપાઈ રહી છે.

## શહેરાના દલવાડા ગામે બિહારના પર વર્ષીય પુરૂષે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા,

શહેરા તાલુકાના દલવાડા ગામે રહેતા બિહારના વતની પર વર્ષીય પુરૂષે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુન્હો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના દલવાડા ગામના પીપળીયા ફળિયામાં રહેતા અને બિહારના સીતામઢી જીલ્લાના સરભર બેલાથાણુંના રહેવાસી કિરણબેન દિનેશભાઈ રાય એ શહેરા પોલીસ મથકે જાહેરાત આપતા જણાવ્યું હતુ કે, તેમના પતિ પર વર્ષીય દિનેશભાઈ ઈન્દરભાઈ રાય એ ગત તા.૨૪ના રોજ સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર ઘરમાં આવેલ ઓરડીમાં પાટડા ઉપર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યુ હતું. જેની જાણ તેમના પરિવારજનોને થતાં શોકનો માહોલ છવાયો હતો. આ અંગેની જાણ શહેરા પોલીસને કરવામાં આવતા પોલીસે બનાવ સ્થળે પહોંચી મૃતક દિનેશરાયના મૃતદેહને શહેરા ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. ત્યારે આ અંગે મોરવાહડફ પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.287